# વિઝ્યુઅલ કોમ્યુનિકેશન ડિઝાઈનર

વિઝ્યુઅલ કોમ્યુનિકેશન ડીઝાઈનર એક વ્યાવસાયિક છે જે માહિતી અને સંદેશાઓને દર્શકો સુધી પહોંચાડવા માટે દ્રશ્યોનો ઉપયોગ કરે છે. વિઝ્યુઅલ કોમ્યુનિકેશન ડિઝાઇનર્સ ઘણીવાર પ્રચાર-પ્રસાર ઝુંબેશની દેખરેખ રાખે છે અને નવા ગ્રાહકોને આકર્ષવાનો અથવા પોતાના કામના માધ્યમ થકી કોઈ વિષય અંગે જાગૃતિ ફેલાવવાનો પ્રયાસ કરે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે કલાત્મક વ્યવસાયોમાં રૂચિ ધરાવો છે
- તમે કમ્પ્યુટરના ઉપયોગમાં નિપુણ છો
- તમે ટીમ સાથે કામ કરવામાં સહજ છો
- તમે કામ કરતી વખતે વિગતો પર ધ્યાન આપવાનું પસંદ કરો છો



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે
**રૂ. ૩૦,૦૦૦ થી ૧૯,૪૬,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. વિઝ્યુઅલ કોમ્યુનિકેશન ડિઝાઇનમાં સ્નાતક ની ડિગ્રી મેળવો, ત્યાર બાદ સમાન વિષયમાં અનુસ્નાતક (M.Design)ની ડિગ્રી મેળવો.

**અથવા**

કોઈપણ વિષયમાં સ્નાતક (B.Design)ની ડિગ્રી પ્રાપ્ત કરો ત્યારબાદ, વિઝ્યુઅલ કોમ્યુનિકેશનમાં પીજી PG Diploma કરો.*

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

વિઝ્યુઅલ કોમ્યુનિકેશન ડિઝાઈનરનું અંદાજીત માસિક વેતન **રૂ. ૨૦,૧૦૦ થી ૮૪,૦૦૦*** જેટલું હોય છે.

સ્રોત:https://www.payscale.com/research/IN/Job=Visual_Designer/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** એડવર્ટાઈઝીંગ એજન્સીઓ, વેબ ડિઝાઈન ફર્મ્સ, પબ્લિશિંગ હાઉસ, માર્કેટિંગ વિભાગો, વગેરે.

**ઉદ્યોગ સાહસિકતા:** તમે તમારી પોતાની પરામર્શ સેવા શરૂ કરી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ:** સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ પ્રતિ દિવસ ૮ થી ૯ કલાક ફરજ બજાવવાની હોય છે. શિફ્ટ સિસ્ટમ લાગુ છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

તાલીમાર્થી/આસિસ્ટન્ટ વિઝ્યુઅલ કોમ્યુનિકેશન ડિઝાઈનર → વિઝ્યુઅલ કોમ્યુનિકેશન ડિઝાઈનર → સિનિયર વિઝ્યુઅલ કોમ્યુનિકેશન ડિઝાઈનર

### સર્ચ માટેના કીવર્ડ્સ ...

વિઝ્યુઅલ ડિઝાઈનર, કોમ્યુનિકેશન્સ ડિઝાઈનર, વિઝ્યુઅલ ટેકનિશિયન

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ ડિઝાઈન વિભાગ દ્વારા ચલાવવામાં આવે છે.**
સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

### સરકારી સંસ્થાઓ

૧. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા, વડોદરા
૨. અલખ પ્રકાશ ગોયલ શિમલા યુનિવર્સિટી, શિમલા
૩. સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલોજી, કોકરાઝાર
૪. ઔદ્યોગિક ડિઝાઈન કેન્દ્ર, આઈ.આઈ.ટી. મુંબઈ
૫. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઑફ ડિઝાઈન, આસામ
૬. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઑફ ડિઝાઈન, મધ્ય પ્રદેશ
૭. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઑફ ડિઝાઈન, આંધ્ર પ્રદેશ
૮. કેરળ સ્ટેટ ઈન્સ્ટિટ્યુટ ઑફ ડિઝાઈન, કોલ્લમ

### ખાનગી સંસ્થાઓ

(અરજી કરતા પહેલા તપાસ કરો કે સંસ્થા UGC અને AICTE સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)
૧. નિરમા યુનિવર્સિટી, અમદાવાદ
૨. ઈન્ડસ યુનિવર્સિટી, અમદાવાદ
૩. જીએલએસ યુનિવર્સિટી, અમદાવાદ
૪. કર્ણાવતી યુનિવર્સિટી, ગાંધીનગર
૫. ઓરો યુનિવર્સિટી, સુરત
૬. સાંકળચંદ પટેલ યનિવર્સિટી, વિસનગર
૭. ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેક્નોલોજિ, ગાંધીનગર
૮. ચિત્કારા યુનિવર્સિટી, પટિયાલા
૯. ડી જે એકેડમી ઓફ ડિઝાઈન, કોઈમ્બતુર
૧૦. ભારતીય કલા અને ડિઝાઈન સંસ્થાન, નવી દિલ્હી
૧૧. ભારતીય હસ્તકલા અને ડિઝાઈન સંસ્થા, જયપુર
૧૨. સિમ્બાયોસિસ ઈન્સ્ટિટ્યુટ ઑફ ડિઝાઈન, પુણે

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

### ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

### ઓનલાઈન અભ્યાસક્રમો

- NPTEL* સ્વયમ: https://nptel.ac.in/courses/124107002
- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in
- www.skillindiadigital.gov.in

*NPTEL-નેશનલ પ્રોગ્રામ ઈન ટેક્નોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**અક્ષર પાઠક** એક કલાકાર, ગ્રાફિક ડિઝાઈનર તેમજ વિઝ્યુઅલ કમ્યુનિકેશન ડિઝાઈનર છે જે બોલિવૂડ ફિલ્મોના પોસ્ટર બનાવે છે. તેમના પોસ્ટરોએ ડિજિટલ વિશ્વમાં વ્યાપક ઓળખ પ્રાપ્ત કરી છે અને ૯૦થી વધુ સામયિકો અને અખબારોમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. અક્ષર NIFT (નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઑફ ફેશન ટેક્નૉલૉજી)નો ભૂતપૂર્વ વિદ્યાર્થી છે અને તેમણે ફેશન અને લાઈફસ્ટાઈલ એક્સેસરીના વિષયમાં બી.ડિઝાઈન પૂર્ણ કર્યું છે. તેઓ લોગો ડિઝાઈન કરવા માટે તેમજ બોલિવૂડ માટે મિનિમલ પિક્ચર્સનું સર્જન કરવા માટે જાણીતા છે.*

સ્રોત:https://www.admecindia.co.in/graphic-design/10-most-popular-indian-graphic-artists/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.